### "અમે વોટ આપ્યો એનું વળતર શું ગંદકી અને દુર્ગંધ? વોર્ડ નંબર 4 માં જનતાની વેદના સાંભળનાર કોઈ નથી!"

# "સ્માર્ટ સિટી વડોદરાનું વરવું દ્રશ્ય: મંત્રી મનીષાબેન વકીલના વિસ્તારમાં નાગરીકો પાણી અને રસ્તા માટે ત્રાહિમામ!"

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**સિવિક ઈશ્યૂ**

**વડોદરાને કનડતાં પ્રાણપ્રશ્નોને વાચા**


(પ્રતિનિધિ) વડોદરા તા.8

સ્માર્ટ સિટી વડોદરાના ન્યૂ વીઆઈપી રોડ પર આવેલી 'શિવમ હોમ સોસાયટી (વૈકુંઠ-2)' ના રહીશો છેલ્લા પાંચ વર્ષથી પણ વધુ સમયથી નરક જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ વિસ્તાર ખુદ શહેરના મેયરનો છે અને અહીંના ધારાસભ્ય મનીષાબેન વકીલ રાજ્ય સરકારમાં મંત્રી પદ ભોગવે છે, છતાં મહિલા નેતાઓના રાજમાં મહિલાઓ અને બાળકોની સુરક્ષા જોખમમાં મુકાઈ છે.

વરસાદી પૂર દરમિયાન સોસાયટીના કોમન પ્લોટની બાઉન્ડ્રી વોલ તૂટી ગઈ હતી, જે આજદિન સુધી રિપેર કરવામાં આવી નથી. પરિણામે, સોસાયટીમાં જંગલી ભૂંડોએ ડેરા નાખ્યા છે. તાજેતરમાં એક ભૂંડનું મોત થતા ત્રણ દિવસ સુધી તંત્રએ તેને ઉપાડવાની તસ્દી ન લીધી. અંતે વિપક્ષના નેતાઓની દરમિયાનગીરી બાદ મૃતદેહ હટાવવામાં આવ્યો. રહીશોનો પ્રશ્ન છે કે જો આ ભૂંડ કોઈ બાળકને કરડશે તો જવાબદારી કોની?

સોસાયટી પાસેથી પસાર થતી વરસાદી કાસ (કેનાલ)માં ગટરનું ગંદુ પાણી સતત ભરાઈ રહે છે. આ પાણી ક્યાંથી આવે છે તે તપાસવાની તંત્ર પાસે ફુરસદ નથી. મચ્છરોનો ઉપદ્રવ અને અસહ્ય દુર્ગંધને કારણે લોકોનું જીવવું હરામ થઈ ગયું છે. પીવાનું પાણી પણ પૂરતા પ્રેશરથી મળતું નથી અને રસ્તાઓ ખોદી નાખતા ઉડતી ધૂળ રહેવાસીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહી છે.

દીવાલ તૂટી હોવાથી સોસાયટીના બાકડાઓ પર રાત્રે અસામાજિક તત્વો અડિંગો જમાવે છે. અહીંથી પસાર થતી મહિલાઓ પર ગંદી કોમેન્ટ્સ અને બાળકોને અશ્લીલ ઈશારા કરવાની ઘટનાઓથી સોસાયટીમાં ભયનો માહોલ છે. ગ્રાન્ટ હોવા છતાં મેયર કે ધારાસભ્ય અહીં CCTV કે સ્ટ્રીટ લાઈટ જેવી પાયાની સુવિધાઓ કેમ નથી આપતા તે મોટો સવાલ છે.



**રહીશો કહે છે ભૂંડથી પરેશાન, ગંદકીના અંબાર**

અમે શિક્ષિત નાગરિકો છીએ અને નિયમિત ટેક્સ ભરીએ છીએ, છતાં અમારે ભૂંડ અને ગંદકી વચ્ચે રહેવું પડે છે. મેયર અને ધારાસભ્ય બંને મહિલા હોવા છતાં અમારી સુરક્ષા અને સ્વાસ્થ્યની સમસ્યા સમજી શકતા નથી તે દુર્ભાગ્યપૂર્ણ છે. **– દક્ષા બેન પટેલ**

"પાંચ વર્ષથી કોઈ કોર્પોરેટર કે ધારાસભ્યએ અમારા વિસ્તારની મુલાકાત લીધી નથી. વોટ આપવાનું વળતર શું અમને આ ગંદકી અને અસામાજિક તત્વોના ત્રાસમાં મળશે? જો વહેલી તકે બાઉન્ડ્રી વોલ નહીં બને તો અમે ઉગ્ર આંદોલન કરીશું." **– દિનેશ ભાઈ પરમાર**

નાની સમસ્યા માટે પણ અમારે વિપક્ષ પાસે જવું પડે છે. તંત્ર અને શાસક પક્ષના નેતાઓ જાણે કુંભકર્ણની નિદ્રામાં છે. અમને બે ટાઈમ પાણી નથી મળતું અને રસ્તાની ધૂળ ખાવી પડે છે. શું આ જ છે સ્માર્ટ સિટીનો વિકાસ? **– બીના બેન રાજપૂત**

### વિશ્વ મહિલા દિને મહિલા શિક્ષિકાઓનો સન્માન

# સુમનદીપ વિદ્યાપીઠ દ્વારા 8 તાલુકાની 600 મહિલાની હાજરીમાં 38 શિક્ષિકા સન્માનિત

**મફત** મેડિકલ ચેકઅપની સુવિધાની જાહેરાત




(પ્રતિનિધિ) વડોદરા તા.8

વિ શ્વ મહિલા દિવસ નિમિત્તે પીપળીયા સ્થિત સુમનદીપ વિદ્યાપીઠ ખાતે સરકારી પ્રાથમિક શાળાઓમાં કા ર્યરત મહિલા શિક્ષિકાઓ માટે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સંસ્થાના રજીસ્ટ્રાર તથા વાઈસ ચાન્સેલર ડૉ. રાજેશ ભારા ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય અધિકારી મીનાક્ષીબેન ચૌહાણ, પૂર્વ સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ, ડૉ. વંદનાબેન તેમજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ચેતનાબેન સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ૮ તાલુકાની અંદાજે ૬૦૦ જેટલી સરકારી પ્રાથમિક શાળાની મહિલા શિક્ષિકાઓ ઉપસ્થિત રહી હતી. તેમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૩૮ મહિલા શિક્ષિકાઓને સર્ટિફિકેટ આપી વિશેષ સન્માનિત કરવામાં આવી હતી. આ સન્માન સમારોહ સુમનદીપ વિદ્યાપીઠ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરી, વડોદરાના સહયોગથી યોજાયો હતો.

આ અવસરે સંસ્થા દ્વારા મહિલા શિક્ષિકાઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી ધીરજ હોસ્પિટલ, પીપળીયા ખાતે માર્ચ મહિનાના અંત સુધી મફત મેડિકલ ચેકઅપની સુવિધા ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરવામાં આવી હતી. સાથે જ સંસ્થા દ્વારા આવનારા સમયમાં સરકારી પ્રાથમિક શાળાઓને ફર્સ્ટ એડ કિટ વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવી માહિતી પણ આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન મહિલા શિક્ષિકાઓને શિક્ષણક્ષેત્રમાં આપેલા તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ મંચ પર બોલાવી સન્માનિત કરવામાં આવી હતી તથા આરોગ્ય સંબંધિત માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તથા જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી મહેશભાઈ પાંડે દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

# ન.પ્રા.શિક્ષણ સમિતિ દ્વારા પ્રતિભા સ્ટુડિયો સાથે નવા અધ્યાયનો પ્રારંભ

**સરકારી** શાળાના બાળકોની કલા અને કૌશલ્યને હવે મળશે વૈશ્વિક મંચ



(પ્રતિનિધિ) વડોદરા. તા.8

વડોદરા શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ શિક્ષણ ક્ષેત્રે એક ક્રાંતિકારી કદમ ઉઠાવતા પોતાની મુખ્ય કચેરી ખાતે અત્યાધુનિક પ્રતિભા સ્ટુડિયોનું લોકાર્પણ કર્યું છે. પ્રેમ, પ્રેરણા અને પ્રગતિ ના સૂત્ર સાથે શરૂ થયેલો આ પ્રોજેક્ટ સરકારી શાળાઓમાં ભણતા સામાન્ય પરિવારના બાળકો માટે અસામાન્ય તકોના દ્વાર ખોલશે. સામાન્ય રીતે હાઈ-ટેક સ્ટુડિયો અને પોડકાસ્ટ જેવી સુવિધાઓ માત્ર ખાનગી સંસ્થાઓ પૂરતી મર્યાદિત જોવા મળતી હોય છે, પરંતુ વડોદરા શિક્ષણ સમિતિએ આ ભ્રમ તોડીને સરકારી સેવાના ઉત્કૃષ્ટ કામોમાં પ્રતિભા નું નામ સુવર્ણ અક્ષરે અંકિત કર્યું છે. આ સ્ટુડિયો માત્ર એક રૂમ નથી, પણ એક એવું કેન્દ્ર છે જ્યાં વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિને વાસ્તવિકતામાં બદલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સમિતિની શાળાઓમાં અદ્ભુત કૌશલ્ય ધરાવતા બાળકો છે. આ સ્ટુડિયોના માધ્યમથી તેમનું ટેલેન્ટ રેકોર્ડ કરી સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા વિશ્વભરમાં પહોંચાડવામાં આવશે. શિક્ષણની સાથે કલા, સંગીત, અને નાટ્ય જેવા વિષયોમાં પારંગત બાળકોને જ્યારે પ્રોફેશનલ માઈક અને કેમેરા સામે બોલવાની તક મળશે, ત્યારે તેમનો આત્મવિશ્વાસ અનેકગણો વધી જશે. દર અઠવાડિયે સમિતિની વિવિધ શાળાઓમાં થતી પ્રવૃત્તિઓનું સંકલન કરી 'ન્યૂઝ બુલેટિન' તૈયાર થશે.

# સયાજીગંજ પોલીસ સ્ટેશન સામે રિક્ષામાંથી ચોરી કરનાર બે ઝબ્બે

(પ્રતિનિધિ) વડોદરા તા.8

સંસ્કારી નગરી વડોદરામાં તસ્કરો હવે પોલીસ સ્ટેશનની બહાર પણ ચોરી કરતા ખચકાતા નથી. શહેરના વ્યસ્ત ગણાતા સયાજીગંજ પોલીસ સ્ટેશનની બિલકુલ સામે પાર્ક કરેલી એક ઓટોરિક્ષામાંથી બેટરી અને સ્પેર વ્હીલ સહિતના સામાનની ચોરી કરનાર બે શખ્સોને પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ઝડપી પાડ્યા છે. નવાઈની વાત એ છે કે, જે રિક્ષામાં ચોરી થઈ તે પોલીસની 'શી ટીમ'માં ફરજ બજાવતા ડ્રાઈવરની હોવાનું સામે આવ્યું છે.

મૂળ છોટાઉદેપુરના વતની અને હાલ વડોદરાના આજવા રોડ વિસ્તારમાં રહેતા વિનોદભાઈ રાઠવા પોલીસની 'શી ટીમ' માં ડ્રાઈવર તરીકે કાર્યરત છે. તેઓ 6 માર્ચે રાબેતા મુજબ ફરજ પર હાજર થયા હતા અને સયાજીગંજ પોલીસ સ્ટેશનની સામે રોડની સાઈડમાં પોતાની રિક્ષા પાર્ક કરી હતી. બીજા દિવસે સવારે જ્યારે તેઓ રિક્ષા પાસે પહોંચ્યા ત્યારે જોયું તો રિક્ષામાં રાખેલું સ્પેર વ્હીલ, બેટરી તેમજ પાના-પક્કડનો સેટ ગાયબ હતા. પોલીસ સ્ટેશનની સામે જ થયેલી આ ચોરીને પગલે ચકચાર મચી ગઈ હતી.

સયાજીગંજ પોલીસે આસપાસ અને માર્ગ પર લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતા મહત્વની કડી હાથ લાગી હતી. ફૂટેજમાં દેખાયું હતું કે વહેલી સવારે અંદાજે 4 વાગ્યાની આસપાસ બે શખ્સો રિક્ષા પાસે આવ્યા હતા અને તેમાંથી સામાન ચોરીને ફરાર થઈ ગયા હતા.

સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી પોલીસે ગણતરીના કલાકોમાં જ બે રીઢા શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં: સાવંત સુરેશભાઈ વાઘેલા (રહે. ટ્રાફિક ઓફિસ સામે ફૂટપાથ ઉપર, વડોદરા) વિનાયક વિનોદ સુરેલા (રહે. નવાપુરા, મૂળ રહે. રાજસ્થાન) પોલીસે આ બંને શખ્સો સામે ચોરીનો ગુનો નોંધી, તેમની પાસેથી ચોરાયેલો મુદ્દામાલ રિકવર કરવાની તજવીજ હાથ ધરી છે. પોલીસ સ્ટેશનની બહાર જ ચોરીની હિંમત કરનાર આ શખ્સો અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

### ગાડીઓમાં ગુપ્ત ખાના બનાવી થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ

# જિલ્લા પોલીસનો સપાટો: એક્સપ્રેસ-વે અને ડભોઈ હાઈવે પરથી લાખોનો દારૂ ઝડપાયો

5 શખ્સોની ધરપકડ અને 18.73 લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.8

અલગ-અલગ ત્રણ દરોડામાં પોલીસે લાખોની કિંમતનો દારૂ અને વાહનો મળી કુલ 18.73 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કરજણ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, સફેદ રંગની એક મહિન્દ્રા મેક્સ ગાડી, જેની પર નંબર પ્લેટ નથી, તેમાં ગુપ્ત ખાનું બનાવી દારૂનો જથ્થો ભરીને સુરતથી વડોદરા તરફ લઈ જવામાં આવી રહ્યો છે. આ માહિતીના આધારે પોલીસે કરજણ તાલુકાના સાંપા ગામ નજીક વોચ ગોઠવી હતી. બાતમી મુજબની ગાડી આવતા જ પોલીસે તેને ચારે તરફથી કોર્ડન કરી અટકાવી હતી. ગાડીની તલાશી લેતા પ્રથમ દ્રષ્ટિએ કંઈ વાંધાજનક જણાયું નહોતું, પરંતુ પોલીસે ઝીણવટભરી તપાસ કરી ગાડીની પાછળની બોડી ઊંચી કરતા નીચે એક મોટું ગુપ્ત ખાનું મળી આવ્યું હતું. આ ખાનામાંથી પોલીસે 4.45 લાખની કિંમતની વિદેશી દારૂ અને બિયરની કુલ 1276 બોટલો જપ્ત કરી હતી. પોલીસે ગાડીના ચાલક ભજનલાલ રતનારામ ગોદારા બિશ્નોઈ (રહે. દેવપુરા, રાજસ્થાન)ની ધરપકડ કરી પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, આ દારૂનો જથ્થો રામલાલ બાલારામ બિશ્નોઈએ મહારાષ્ટ્ર બોર્ડર પરથી ભરાવી આપ્યો હતો. પોલીસે દારૂ, ગાડી અને મોબાઈલ મળી કુલ 9.50 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ડભોઈ તાલુકાના ફરતીકુઈ બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન બોડેલી તરફથી આવતી બે શંકાસ્પદ કારને અટકાવવામાં આવી હતી. પ્રથમ કારની તપાસ કરતા તેમાં વચ્ચેની સીટના ભાગે કુશળતાપૂર્વક બનાવેલા ગુપ્ત ખાનામાંથી 89 હજારની કિંમતની 261 નંગ દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે આ મામલે આરોપી નગીન સેગલાભાઈ રાઠવા (રહે. ખોડવાનીયા, છોટાઉદેપુર)ની ધરપકડ કરી 1.89 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ત્યારબાદ તે જ સ્થળેથી બીજી એક કારને આંતરીને તપાસ કરતા તેમાંથી પણ 2.16 લાખની કિંમતની 792 નંગ દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે આ બીજી કારમાંથી વડોદરાના કરોળિયા ગામ પાસે રહેતા ચૌહાણ રણજીતસિંહ ભીખુસિંહ અને મહેશ પ્રભાતભાઈ પરમારની ધરપકડ કરી હતી. આ કામગીરીમાં પોલીસે કાર સહિત કુલ 7.34 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આમ, જિલ્લા પોલીસે અલગ-અલગ સ્થળોએથી લાખોનો દારૂ ઝડપી પાડી આંતરરાજ્ય અને સ્થાનિક બુટલેગરોના નેટવર્કને તોડી પાડવા વધુ તપાસ તેજ કરી છે.

## મહિલા દિવસ નિમિત્તે ITI તરસાલી ખાતે વિવિધ સ્પર્ધાઓ યોજાઇ



(પ્રતિનિધિ) વડોદરા તા.8

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે વડોદરા સ્થિત આઈટીઆઈ તરસાલી ખાતે સંસ્થાના વિવિધ કાર્યક્રમો અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ વ્યવસાયલક્ષી કોર્સમાં અભ્યાસ કરતી મહિલા તાલીમાર્થીનીઓ માટે વકૃત્વ સ્પર્ધા, નૃત્ય સ્પર્ધા, સિંગિંગ સ્પર્ધા અને સ્ટાઈલ એન્ડ સાઈન જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. વકૃત્વ સ્પર્ધામાં મહિલા સશક્તિકરણ જેવા વિષયો પર તાલીમાર્થીનીઓએ પોતાના વિચારો અસરકારક રીતે રજૂ કર્યા હતા. ફેશન ડિઝાઈન એન્ડ ટેકનોલોજીનો અભ્યાસ કરતી તાલીમાર્થિનીઓએ પોતાના દ્વારા તૈયાર કરાયેલા ડિઝાઈનર વસ્ત્રો ફેશન શો દ્વારા રજૂ કર્યા હતા, જ્યારે કોસ્મેટોલોજી વિભાગની તાલીમાર્થિનીઓએ મેકઅપ અને હેર સ્ટાઈલ દ્વારા પોતાની સર્જનાત્મકતા પ્રદર્શિત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થામાં કાર્યરત મહિલા કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ક્લાસ-૧ આચાર્ય એ. આર. શાસ્ત્રી, ક્લાસ-૨ આચાર્ય વાય. વી. પટેલ તથા ફોરમેન સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહી તાલીમાર્થીનીઓનો ઉત્સાહ વધારી તેમને જીવનના દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા

## 'શી-પ્રેન્યોર' પહેલ સાથે મહિલા દિનની ઉજવણી, મહિલા સાહસિકોને મળ્યો મંચ



(પ્રતિનિધિ) વડોદરા તા.8

ઈનઓર્બિટ મોલ વડોદરાએ મહિલા દિવસ નિમિત્તે આયોજિત "શી-પ્રેન્યોર" પહેલને સફળતાપૂર્વક પૂર્ણ કરી. તા. 6 થી 8 માર્ચ દરમિયાન યોજાયેલા ત્રણ દિવસીય શોકેસમાં શહેરભરની મહિલા સાહસિકોને સશક્તિકરણ અને તેમની પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે વિશેષ મંચ આપવામાં આવ્યો હતો.

આ અવસર પર ઈનઓર્બિટ વડોદરાના મોલ હેડ રજત ભાર્ગવે જણાવ્યું હતું કે મોલ માત્ર ખરીદી માટેનું સ્થાન નથી, પરંતુ સમુદાય, પ્રતિભા અને નવી વિચારધારાઓને એક મંચ પર લાવવાનું કેન્દ્ર છે. "શી-પ્રેન્યોર" જેવી પહેલો દ્વારા મહિલાઓને તેમના વ્યવસાય માટે યોગ્ય મંચ મળે છે અને તેમની સફળતાની સફરને પ્રોત્સાહન મળે છે. આ ઉજવણીના અનુસંધાનમાં મોલ દ્વારા 10 માર્ચથી 5 એપ્રિલ દરમિયાન ક્રોસવર્ડ બુક ફેસ્ટિવલનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ફેસ્ટિવલ દરમિયાન લેખકો સાથે સંવાદ, વાંચન સત્રો અને બાળકો માટે વાર્તા કહેવાની પ્રવૃત્તિઓ સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે, જેમાં પુસ્તક પ્રેમીઓને ખાસ ડિસ્કાઉન્ટ અને સંસ્કૃતિક અનુભવ મળશે.

## જીતો વુમન્સ વિંગ દ્વારા કેન્સર જાગૃતિ સાથે ભવ્ય 'કાર રેલી' યોજાઈ



(પ્રતિનિધિ), વડોદરા. તા.8

વિશ્વભરમાં જ્યારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી થઈ રહી છે, ત્યારે વડોદરાની જૈન મહિલાઓએ માત્ર મનોરંજન નહીં, પરંતુ 'સેવા અને સ્વાસ્થ્ય'ના સંકલ્પ સાથે આ દિવસને યાદગાર બનાવ્યો છે. જીતો (JITO) લેડીઝ વિંગ દ્વારા રાષ્ટ્રીય સ્તરના આહવાનને પ્રતિસાદ આપતા આજે વડોદરા શહેરમાં કેન્સર જાગૃતિ કાર રેલી નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. લાલ રંગના ડ્રેસ કોડમાં સજ્જ મહિલાઓએ પોતાની કાર સાથે શહેરના મુખ્ય માર્ગો પર ફરીને નાગરિકોમાં કેન્સર પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો. આ રેલીનો પ્રારંભ શહેરના દાંડિયા બજાર બ્રિજ પાસે આવેલા શનિદેવ મંદિર પાસેથી કરવામાં આવ્યો હતો. જીતો ગુજરાતના વાઈસ ચેરમેન કેતન મહેતાએ ઉત્સાહભેર આ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે તેમણે મહિલાઓના આ સાહસ અને સામાજિક જવાબદારીની ભાવનાને બિરદાવી હતી. રેલી શહેરના વ્યસ્ત વિસ્તારો જેવા કે જેલ રોડ, કાલાઘોડા, સયાજીગંજથી પસાર થઈને વાસણા રોડ સ્થિત જીતો ભવન ખાતે સંપન્ન થઈ હતી.

# કસ્ટોડિયલ ડેથ છતાં PI પર કોઈ કાર્યવાહી નહીં: કાયદા કરતાં પણ "મજબૂત" વીમા કવચ મળ્યું હોય એવું દૃશ્ય!



વડોદરા શહેર પોલીસમાં સામાન્ય રીતે કોઈ અધિકારી કે કર્મચારીની ગુનામાં સંડોવણી બહાર આવે કે ફરજમાં બેદરકારી સાબિત થાય તો તરત જ "એક્શન મોડ" ચાલુ થઈ જાય છે. કોઈને લાઈનહાજર, કોઈની બદલી - વિભાગની ઝડપી કામગીરીના ઉદાહરણો ઘણી વખત જોવા મળે છે. પરંતુ અચાનક એવું લાગે છે કે આ નિયમો દરેક માટે નથી કેટલીક "વિશેષ" વ્યક્તિઓ માટે તો જાણે અલગ જ કાયદો હોય!

તાજેતરમાં એક પોલીસ સ્ટેશનમાં પતિ-પત્નીના ઝઘડાના મામલે લાવવામાં આવેલા શખ્સે પોલીસ કસ્ટડીમાં આપઘાત કરી લીધો. ઘટનાએ સ્વાભાવિક રીતે પરિવાર અને સ્થાનિકોમાં અનેક પ્રશ્નો ઉભા કર્યા. પરિવાર દ્વારા તો મૃતકને માર મારવામાં આવ્યો હોવાનો પણ ગંભીર આરોપ લગાવવામાં આવ્યો. સામાન્ય રીતે આવી ઘટનામાં જવાબદારી નક્કી કરવા માટે તાત્કાલિક કાર્યવાહી થતી હોય, પરંતુ અહીં તો બધું જ અદ્ભુત શાંતિથી ચાલી રહ્યું છે.

સૌથી રસપ્રદ બાબત એ છે કે આ સમગ્ર ઘટનાના છતાં સંબંધિત પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી તો દૂર રહી, કોઈ નોંધપાત્ર કાર્યવાહી પણ જોવા મળી નથી. પરિણામે PI સાહેબ છાતી 56ની કરીને બિન્દાસ્ત ફરતા જોવા મળે છે. હવે સવાલ એ થાય છે કે આ સાહેબને ક્યા ઉચ્ચ અધિકારી કે રાજકીય નેતાનું એવું મજબૂત પીઠબળ મળ્યું છે કે સમગ્ર પોલીસ વિભાગના અધિકારીઓના પણ હાથ પગલાં લેવા પહેલાં ધ્રૂજી જાય?

આ બધું જોઈને તો એવું લાગી રહ્યું છે કે PI સાહેબને કાયદા કરતાં પણ વધારે મજબૂત "વીમા કવચ" મળ્યું છે. કદાચ એ કારણે જ તેઓ પોતાના ઉપરી અધિકારીઓને પણ જાણે પોતાના જુનિયર હોય તેમ ગણતા થયા છે. પોલીસ વિભાગમાં કાયદો કોના માટે અને કેટલો લાગુ પડે છે તેની આ ઘટના એક અનોખી "પ્રેક્ટિકલ ક્લાસ" બની ગઈ હોય એવું લાગી રહ્યું છે.

**ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ**

### 'વોટર વોર'માં ભાજપના બે કોર્પોરેટર આમને-સામને, જનતા ટીપાં માટે તરસી રહી!




શહેરમાં વહીવટદારના હાથમાં સોમવારથી સત્તાનું સુકાન આવી જશે, તમામ કોર્પોરેટર હવે માજી થઈ જશે, પરંતુ વડોદરામાં વિકાસના બદલે ભાજપના નેતાઓ વચ્ચેની 'વોટર વોર' વધુ ચર્ચાનો વિષય બની છે. વાત એવી છે કે પાણી જેવી મૂળભૂત સુવિધા પર પણ હવે રાજકીય દાવપેચ રમાઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

વડોદરાના પૂર્વ વિસ્તારમાં આવેલી ઓમકારા રેસિડેન્સીના ૩૭૫ મકાનોના રહીશો લાંબા સમયથી પીવાના પાણીની સમસ્યા સહન કરી રહ્યા છે. સ્થાનિક કોર્પોરેટર રાખી શાહે પોતાના ક્વોટામાંથી પાણીની લાઈન નાખવાની પહેલ કરી હતી, પરંતુ કહેવાય છે કે એ જ વોર્ડના બીજા કોર્પોરેટર અજિત દધીચને કદાચ આ 'સહકાર' બહુ ગમ્યો નહીં. પરિણામે પાણીની લાઈન કરતાં રાજકીય લાઈન વધુ લાંબી ખેંચાઈ ગઈ છે.

સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે દધીચના 'અદૃશ્ય રોડા'ના કારણે શરૂ થનારી કામગીરી અધવચ્ચે અટકી ગઈ છે. એટલે હાલ સ્થિતિ એવી છે કે રાજકારણ ગરમ છે, પણ નળમાં પાણી ઠંડું પણ નથી આવતું! સેંકડો પરિવારો ટીપાં-ટીપાં પાણી માટે વલખાં મારી રહ્યા છે, છતાં બંને નેતાઓનો અહમ હજી 'સૂકાયો' નથી.

આ મામલે સ્થાનિકોમાં એવો પણ ભય જોવા મળે છે કે ખુલ્લેઆમ અવાજ ઉઠાવવો એટલે કદાચ વધુ મુશ્કેલી આમંત્રણ આપવું. એટલે લોકો મનમાં પ્રશ્ન પૂછે છે – જનતાની તરસ પર રાજકારણ કરવું ખરેખર વિકાસની નવી વ્યાખ્યા છે?

ચર્ચા તો એવી પણ છે કે આ 'વોટર વોર'ના સમાચાર કમલમ સુધી પહોંચી ગયા છે. શહેરના રાજકીય જાણકારો માની રહ્યા છે કે જો આ આંતરિક લડાઈ જલ્દી નહીં થંભે, તો આગામી ચૂંટણીમાં મતદારો કદાચ નેતાઓને પણ એવી જ સ્થિતિમાં મૂકી દે – જ્યાં વોટના ટીપાં માટે તેમને પણ વલખાં મારવા પડે.

### બરોડા ડેરીનો રાજકીય ખેલ: કબજો ભાજપનો, પણ કમાન હજુ 'મામા' અને ' બાપુ ' પાસે!




ગુજરાતના સહકારી ક્ષેત્રમાં એક સમય એવો હતો જ્યારે કોંગ્રેસનો દબદબો એવો લાગતો કે જાણે સહકારી સંસ્થાઓ કોંગ્રેસની જ મિલ્કત હોય. પરંતુ સમય બદલાયો અને ભાજપમાંથી અમિત શાહ તથા દિલીપ સંઘાણી જેવા ખેલાડીઓ મેદાનમાં ઉતરતા સહકારી રાજકારણનો ખેલ જ બદલાઈ ગયો. ભાજપને પણ સમજાઈ ગયું કે ગ્રામ્ય મતબેંક કબ્જે કરવી હોય તો સહકારી સંસ્થાઓ પર કબજો જરૂરી છે.

આ સૂત્ર ઘણા વિસ્તારોમાં સફળ પણ રહ્યું, પરંતુ બરોડા ડેરીની કહાની થોડું અલગ જ વળાંક લઈને આવી છે. અહીં ભાજપના નેતાઓનો જ કબજો હોવા છતાં પોતાના જ કેટલાક ધારાસભ્યોના વ્યક્તિગત અહમને પંપાળવાના રાજકીય ગણિતમાં નેતાગીરી બદલવાની યોજના ખાસ જામતી દેખાઈ નથી.

પરિણામે હવે ગાલ લાલ રાખવા ભાજપે પહેલાથી જ બિનહરીફ ચૂંટાઈ ગયેલા ઉમેદવારોને મેન્ડેટ આપવાનો "સમજદારીભર્યો" નિર્ણય લેવો પડ્યો. રાજકારણમાં ઘણી વખત એવું બનતું હોય છે કે જીત પોતાની હોય, પરંતુ શરતો બીજાની માનવી પડે. આખરે ભાજપે દીનુ મામા અને જી.બી. સોલંકીની સર્વોપરિતા સ્વીકારી હોય તેવી સ્થિતિ ઊભી થઈ છે.

હવે સવાલ એટલો જ છે કે બરોડા ડેરીના સંચાલકોને નોટિસો કાઢીને દબાવવાની રાજકીય કસરત આગળ પણ ચાલુ રહેશે કે પછી અત્યારે માટે "યુદ્ધ વિરામ" જાહેર થશે. સહકારી રાજકારણમાં આ લડાઈનો આગળનો રાઉન્ડ ક્યારે શરૂ થાય તે જોવાનું રહ્યું.

### શાકભાજી માર્કેટની માંગ 'ડૂબી', સ્વિમિંગપુલમાં 'વિકાસ' તરવા લાગ્યો!



નગરપાલિકાની ચૂંટણી નજીક આવતાં શહેરમાં અચાનક વિકાસના પંખા લાગી ગયા હોય એવું લાગી રહ્યું છે. જ્યાં જુઓ ત્યાં કામો શરૂ થઈ ગયા છે – જાણે આખા પાંચ વર્ષનો વિકાસ હવે થોડા મહિનામાં પૂરું કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હોય! તાજેતરમાં માંજલપુર વિધાનસભા વિસ્તારમાં પણ એવો જ એક 'દૂરદર્શી' વિકાસકાર્ય હાથ ધરાયું છે. કરોડો રૂપિયાના ખર્ચે તમામ સુવિધાઓથી સજ્જ સ્વિમિંગપુલ બનાવવાની તૈયારી ચાલી રહી છે. ખાસ વાત એ છે કે આ જ જગ્યા પર અગાઉ શાકભાજી માર્કેટ બનાવવાની માંગ જોરશોરથી ઉઠી હતી. કારણ કે વિસ્તારના લોકોને રોજબરોજ શાકભાજી લેવા માટે લાંબું અંતર કાપવું પડે છે. પરંતુ લાગે છે કે જનતાની તાતી જરૂરિયાત કરતાં 'વિકાસના નવા મોડેલ'ને વધુ મહત્વ આપવામાં આવ્યું છે.

હકીકતમાં શહેરમાં પહેલેથી જ પાલિકા સંચાલિત લાલબાગ સ્વિમિંગપુલ હાજર છે. જોકે તે પણ વર્ષમાં કેટલા દિવસો ચાલુ રહે છે અને કેટલા દિવસો બંધ રહે છે તે એક અલગ જ રસપ્રદ કહાની છે. તેની યોગ્ય માવજત કરીને સતત કાર્યરત રાખવાની જગ્યાએ હવે માંજલપુરમાં કરોડોનો બીજો સ્વિમિંગપુલ બનાવવાનો 'નવો પ્રયોગ' શરૂ થયો છે.

રસપ્રદ બાબત એ પણ છે કે જો માંજલપુરમાં સ્વિમિંગપુલ જ બનાવવો હતો તો સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવી યોગ્ય જગ્યા પણ ઉપલબ્ધ હતી. પરંતુ ત્યાં નહીં, સ્મશાન નજીક આ પ્રોજેક્ટ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એટલે હવે લોકો વચ્ચે ચર્ચા એ છે કે આ વિકાસ છે કે કોઈ બીજી જ ગણિત? વિસ્તારના નાગરિકો અને અંદરના સૂત્રોમાં તો એવી ચર્ચા પણ ચાલી રહી છે કે ટર્મ પૂર્ણ થવા આવી એટલે 'જતા જતા વિકાસની ભાગબટાઈ' કરી લઈએ. પરિણામે જે જરૂરિયાત ખરેખર હતી – એટલે કે શાકભાજી માર્કેટ – તે ફાઈલોમાં જ ક્યાંક રાખી દેવામાં આવી છે. અને જનતાની જરૂરિયાતોને સાઈડમાં મૂકી કરોડોના સ્વિમિંગપુલમાં વિકાસ હવે 'તરવા' લાગ્યો છે.

# ભાજપ અનુસૂચિત જાતિ મોરચાની સંગઠન બેઠકમાં ગુંજ્યો 'ગાંધીનગર ચાલો' નો નારો

(પ્રતિનિધિ) વડોદરા. તા.8

ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આગામી સંગઠનાત્મક લક્ષ્યાંકો અને પ્રદેશ મોરચાની સૂચના મુજબના કાર્યક્રમોને સફળ બનાવવાના નિર્ધાર સાથે એક વિશાળ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં આગામી ૧૩ તારીખે ગાંધીનગર ખાતે યોજાનારા રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં વડોદરાથી મહત્તમ જનમેદની ઉમટી પડે તે માટે અત્યારથી જ કાર્યકરોને



સજ્જ થવા હાકલ કરવામાં આવી હતી. અમદાવાદ લોકસભાના લોકપ્રિય સાંસદ દિનેશભાઈ મકવાણા અને યોગેશભાઈ પરમાર (વડોદરા શહેર પ્રમુખ, અનુસૂચિત જાતિ મોરચો) ની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતિ મોરચો એ ભાજપના સંગઠનનો અતૂટ હિસ્સો છે. સરકારની લોકકલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં મોરચાની ભૂમિકા મહત્વની છે. તેમણે 13 તારીખના ગાંધીનગરના કાર્યક્રમને ઐતિહાસિક બનાવવા માટે દરેક વોર્ડ દીઠ આયોજન કરવા સૂચના આપી હતી. બેઠકનો મુખ્ય સૂર આગામી 13 તારીખના કાર્યક્રમ પર કેન્દ્રિત રહ્યો હતો.